સૂચના.

આવી નાની ચોપડીને પ્રસ્તાવના શોભે નહી. પરંતુ અહીં ટુંકમાં લખવાની જરૂર છે. કારણ ગુજરાતી ભાષામાં આ વિષય પર સારા જાણવા પ્રમાણે કોઇ પુસ્તક નથી. તેથી કરીને આ સસ્તુ ટ્રેક્ટ (tract) તરીકે જેમાં એ પેઢીઓ સ્થાપવા વિષે ટુંકમાં સમજુતી આપવાને આ મારો નમ્ર પ્રયત્ન છે.

હાલના જમાનામાં **સહકારીપણું** સામાજીક ઉન્નતિ માટે જરૂરનું છે. વિશેષ કરી ખેડુતોને અગત્યનું છે. ટુંકી કમાઇ વાળા ગરીબ માણસો સારૂ એ સરસ સાધન છે. પાંચ વરસ થયાં આવી મંડળીઓ ખેડુતોના કામ માટે ઉભી કરવાને સરકાર તરફથી પ્રયત્નો ચાલું છે તેમાં આ મદદરૂપ થઇ પડશે એવી હું આશા રાખું છું.

ગયા વર્ષના "અનાવિલ હિતેચ્છુ"માં આને લગતો મારો લેખ છપાયો હતો. આ ઉમદા ચીલચાલ અમુક ન્યાત સારૂ છે એટલુંજ નહી, પણ આખા ખેડુત અને કારીગર વર્ગોના કલ્યાણ માટે છે તેટલા માટે સદરહુ માં થોડા ફેરફાર કરી પ્રગટ કર્યો છે. વધારામાં એ. મંડળીઓને લગતા આકટની થોડી મુખ્ય જરૂરી કલમો સામેલ છે જે ઉપયોગી થશે એમ હું માનું છું.

બીજી આવૃતિને માટે જેઓ સુધારા વધારા કરવાની સૂચના કરશે તેમનો હું ઉપકાર માનીશ.

પ્રો. ગજ્જરની લેબોરેટરી ગીરગામ રોડ મું. ૧૦	મોરારજી વ નાયક.

સહકારિત્વ:
તેની અગત્યતા અને તેથી થતા ફાયદા.

થોડા વખત પછી બહાર પડશે.

આંટ વધારનારી સહકારી મંડળી શું છે?

ખેડુતોને, કારીગરોને તથા મજુરોને પોતાની જાત ઉપર આધાર રાખવામાં અને એક બીજાને મદદ કરવામાં તથા કરકસરથી રહેવામાં ઉત્તેજન મળે તેને માટે મંડળી સ્થાપવી તે. વળી તેઓની સંસાર સ્થિતિ સુધારવાને માટે પરસ્પર સહાય વડે સારા નવા નફાકારક ધંધા માથે ઉઠાવવા અને ચાલુ ધંધામાં સુધારો કરી આબાદીમાં લાવવા સારૂ ભંડોળ, ચતુરાઇ અને સલાહ વગેરેની યોગ્ય મદદ મેળવી આપવી એ આ મંડળીના મુખ્ય હેતુ.

આપણા દેશનો મુખ્ય ધંધો ખેતીનો છે તેથી ખેતીવાડીમાં સહકારીપણું દાખલ કરવા સારૂ આવી મંડળીની હસ્તી દરેક ગામમાં હોવી જોઇએ. ખેતીની હાલની પડતી હાલતમાં ઉજડ થતા ગામડાંને આબાદ કરવા માટે એજ સરસ સાધન છે. ખેતીને સજીવન કરવા માટે આ પ્રથમ પગથીયું છે જે વિષે કંઇ શક નથી

ખેડુતોની હાલત છેલ્લા થોડાં વરસમાં બહુ નબળી થઇ પડી છે. એવી દયાભાગી સ્થિતિ છે કે તે જોઇને ખેદ થયા વગર રહે નહીં. એ સુધારવી એ તેઓના હાથમાં છે. કહેવત છે કે "જીવ જાય તે સારૂં પણ જીવનગાળો જાય તે માઠું" અભણ ને નિર્ધન હાલતમાં રહેવુ તેના કરતા મરવું એ બહેતર છે. આપણે ઉદ્યમ અને ખંતથી એવી રીતે મંડયા રહેવું કે જેથી આપણી હાલની નિર્જીવ હાલત સુધરે એટલુંજ નહીં પણ ઉછરતી પ્રજાને સારો બોધ મ[illegible] જીવનગાળો કાયમ રહે. માણસ મરી

જાય છે પણ તેનાં સારાં કામો વીસારાતાં નથી એ યાદ રાખવું. ભાઇઓ, સાંભળો. ઉમંગ અને શ્રમથી એક બીજાની મદદ વડે તમારી સ્થિતિ તમારાં વહાલાં બચ્ચાંઓ ખાતર સુધારો અને યશ મેળવો. આ ઉમદા ઉદ્દેશ પાર પાડવા માટે મંડળીઓ સ્થાપવા સબંધી સમજુતી આપવા અગાઉ **આંટ, સહકારીપણું** અને **મંડળી** એ ત્રણ શબ્દો વિષે હું ટુંકમાં લખી જણાવું છું.

આંટ અથવા 'સાખ' એ વેપાર અને ઉદ્યોગને મુખ્ય ગતી આપનારૂં ચક્ર છે, ને તે પુરાતન કાળથી એમ ચાલે છે. આપણામાં કહેવાય છે કે વેપાર વાણીઆનો ને તેથી તેઓ 'શાહના' નામથી ઓળખાય છે. માટે આજે પણ ઘણાખરા વાણીયા વેપારીયોના નામની શરૂઆતે ટુંકામાં **શા.** લખવાનો રીવાજ છે. બાદશાહ અને બિરબલની વાતોમાં એક જગ્યાએ મારા વાંચવામાં આવ્યું છે કે પાદશાહ કરતાં શાહ ચઢે અને તે ખરેખર એમજ છે. હાલના સુધરેલા જમાનામાં પણ તે નજરે જોવામાં આવે છે. મોટા રાજાઓ અને શેહેનશાહો મોટા શાહુકારોના હાથમાં રમકડાં જેવા નાચે છે. એથી થતા મોટા લાભો વેપારીઓને મળે છે. શ્રીમંતો કે જેની પાસે પુષ્કળ નાણું છે તેઓ ગંજાવર દોલત એકઠી કરવાને તેનો છુટથી ઉપયોગ કરે છે. પણ **ગરીબો** કે જેઓને તેની ખરેખરી જરૂર છે તેને માટે હજી સુધી કંઇ સેધન નથી. એક ઇટાલીઅન લેખક લખે છે કે "ગરીબ"ની આંટ હોતી નથી. કારણ તે ગરીબ છે; અને તે ગરીબ રહે છે કારણ **તેની કાંઈ આંટ નથી,** તેથી તે દુર્ગુણી મંડળમાં નીરાશાથી ફેરા કર્યા કરે છે જેમાંથી

તે કદી છુટતો નથી. તે બીચારો આખી જીંદગી ઘાંચીના બળદની માફક સાહુકારને માટે પેટ બાળીને વહીતરૂં કરે છે. ને તેથી કરી તેની મહેનતનું ફળ તેને પોતાને, તેની સ્ત્રી અને છોકરાંના લાભ સારૂ મળવું જોઇએ તે થતું નથી. આંટ હજી સુધી **પૈસાદારોના હાથમાં** ઇજારા (monopoly) જેવી છે. ગરીબોને તેનો લાભ મળતો નથી. જે કંઈ સ્હેજસાજ મળે છે તે ભીખ માફક તે કંઇ આંટ કહેવાય નહીં.

બીજું ખેડુતોને આંટના ઉત્તેજક સૂર્યપ્રકાશનો લાભ અવશ્યે મળવો જોઇએ. જે હજી સુધી નથી એ દીલગીરી ભરેલું છે. તેને જમીનપર નાણું મળે છે પણ તે કંઇ આંટ કહેવાય નહીં. એથી તે કરજદાર થઇ શાહુકારનો ગુલામ થાય છે. ભારે વ્યાજ એટલે તેને પોતાના ધંધામાં મદદ કરવાને બદલે તેનો જલદી નાશ આણે છે. અને તેના પર આધાર રાખનારૂં કુટુંબ ભવિષ્યની અંદર દળદરમાં રીબાય છે.

ગામડામાં લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. છેલ્લાં થોડાં વરસો દરમ્યાન મરકી અને દુકાળને લીધે ખેતીવાડી બહુ નબળી હાલતમાં આવી પડી છે. કેટલાંક ગામડાં ઉજ્જડ જેવાં દેખાય છે. ઘણે ઠેકાણે તેઓનો મોટો ભાગ નીરાશ થઇ ગયો છે. ખેડુતોને જુલમગાર શાહુકારોના કબજામાંથી છોડાવવાને સરકાર બનતો પ્રયત્ન કરે છે એ કંઇ આશા ભરેલું ચિન્હ છે પણ એમાં મત ભેદ છે, પાંચ વરસ થયાં આંટ વધારનારી સહકારી મંડળીઓ

બાબતનો આકટ પસાર થયો છે પણ તેનો જોઇએ તેવો લાભ ખેડુતો લેતા નથી એમ છેલ્લા વાર્ષિક રીપોર્ટ પરથી દેખાય છે. ફક્ત સરકાર ઉપર આધાર રાખી બેસી રહેવું એ ભુલ ભરેલું છે. એનો શુભ હેતુ બતાવવાને ભણેલા ને સારી સ્થિતિના ગૃહસ્થોએ પોતાના ગરીબ જાતી બંધુઓને મદદ કરવા પગલાં લેવાં જોઇએ તેમજ ખેડુતોએ પણ બનતી કોશીશ કરવી જોઇએ.

સહકારીપણું એ શબ્દ કાંઇ નવો નથી, પણ એનાં તેજસ્વી રૂપથી આપણા લોકો તદ્દન અજાણ્યા છે. એથી થતા મોટા લાભો બધાને વિસ્મય પમાડે એવા છે. એ બાબતમાં આપણો દેશ મોટા જંગલ જેવો છે. દરેક સુધરેલા દેશમાં સહકારી પણું કોઇને કોઇ રૂપે ખીલતું જાય છે. જયાં જયાં એ દાખલ થયું છે ત્યાં ખેડુતો, કારીગરો, અને કામદારોની હાલત સુધરી છે અને સુધરતી જાય છે. દાખલા તરીકે આયર્લાંડમાં ખેતીવાડીને લગતી સહકારી બેંકો મોટી સંખ્યામાં છે. ત્યાંના ખેડુતોને તેઓનો ધંધો ખીલવવામાં બહુ મદદ કરે છે. છેલ્લાં થોડાં વરસોમાં ત્યાંના ખેડુતોની હાલત સુધરતી જાય છે એ ખુલું બતાવે છે. આપણા દેશની સ્થિતી કેટલીક બાબતમાં તેને મળતી છે. યુરોપખંડમાં ઘણા દેશોની અંદર ખેતીવાડી સજીવન કરવાને તે મુખ્ય સાધન છે. ડેનમાર્ક જે બહુ નાનો દેશ છે ત્યાં એ સોથી સરસ રીતે ખીલેલું છે. આજથી ૬૦ વરસ ઉપર ત્યાંના ખેડુતો કંગાળ સ્થિતિમાં હતા આજે તેઓ આબાદ હાલતમાં છે. ત્યાં ગરીબાઇ નાબુદ થતી જાય છે. ખેતીવાડીની વ્યવસ્થામાં ડેનમાર્ક હાલ

યુરોપખડમાં સૌથી ઉંચા પંક્તીએ છે. તે બધાને માટે સૌથી સરસ અસરકારક પદાર્થપાઠ તરીકે છે. ત્યાંની ઉત્તમ પદ્ધત્તિનો અભ્યાસ કરવાને બીજા દેશના ઘણા પ્રતિનીધિ મંડળો જાય છે. જેનું વિગતવાર વર્ણન લખીએ તો મોટું પુસ્તક થાય. એશીયા ખંડમાં આગળ પડતું જાપાન વામનજી રૂપે રાક્ષસી હીમત ધરાવે છે. તે આ બાબતમાં કંઇ પાછળ નથી. પશ્ચિમની આગળ પડતી પ્રજાઓનું અનુકરણ કરી ફાયદો મેળવવાને બનતો પ્રયત્ન કરે છે.

મંડળીની વ્યાખ્યા ટુંકી છે. પાંચ અથવા વધારે માણસો એકઠા મળી કોઇ સારા કામના વિચાર સભ્યતાથી કરે તો તે મંડળી અથવા સભા ભરાઇ છે એમ કહેવાશે. અમુક રૂડા કાર્ય માટે સારી રીતે ચર્ચા કરવાને મંડળીની જરૂર છે. એનાથી અનેક લાભો છે તે જગજાહેર છે.

ગામડાંની હાલની પડતીનાં ઘણાં કારણો છે. તેમાં મુખ્ય એ છે કે સામાજીકરીતે સામાન્ય દુઃખો દૂર કરવા માટે પ્રયત્નો કરવાને મંડળી જેવું કંઇ સાધન નથી. કુદરતી નીયમ પ્રમાણે કારણ અને કાર્યને નિકટ સંબંધ છે. એટલે કોઇ પણ નાનું કે મોટું કાર્ય બને તેને માટે કારણ અવશ્યે હોવું જોઇએ. હવે આપણે નજર ફેરવીશું તો લોકોની હાલત દુ:ખી છે એ દેખીતું છે. જેનાં ઘણાં કારણો છે તે શોધી.કાઢવા ને વિચાર કરવા લોકોએ સમજ શકિતનો ઉપયોગ કરતાં શીખવું જોઇએ. જો કારણ શોધી કઢાય તો યોગ્ય ઉપાયો લેવાને સુઝ પડે. સુધારાનો પાયો મંડળી છે.

શહેરોના મોટા વેપારીઓ, વિદ્વાનો, ધંધાદારીઓ વગેરેને મંડળીથી ફાયદા થાય છે. જો કે વેપારીઓ એકલા સમર્થ હોવા છતાં એકત્ર થઇ કામ કરે છે તેથી તેઓના લાભ સચવાય છે એ ઉઘાડું છે. તેવારે શહેરોના અને ગામડાના ગરીબ લોકોએ તેવી રીતે ફાયદા મેળવવાને શું કરવા પ્રયત્ન ન કરવો ? એકઠા થઇ સંપે કામ કરવાથી અનેક જાતના લાભો છે ને તેને માટે મંડળીની જરૂર છે. કહેવત છે કે "પાંચ આંગળે પોંચો સબધો" એકત્ર થઇ ઉમંગે કામ કરવાથી જરૂર યશ મળે છે. એક બીજાના સમાગમમાં આવવાથી પરસ્પરનો વિશ્વાસ ને મૈત્રી વધે છે. તેથી એકમેકને સલાહ કરવાને ઉત્તેજન મળે છે. એકલપેટાપણું દૂર થાય છે. વળી દુર્ગુણો દૂર કરવા અને સદ્ગુણો મેળવવાને એ સારો અને શુભ રસ્તો છે. કોઇપણ શખ્શે પોતાની ઉન્નતિમાં સંતોષ ન માનતાં સામાજીક ઉન્નતિ સારૂ બનતી કોશીશ કરવી જોઇએ. ખરેખરો પુરૂષાર્થ તેમાંજ છે. ભાઇઓ, આપણા વડીલોના સદ્ગુણો અને ઉંચ સ્થિતિ વિષે વિચાર કરો. દિવસો દિવસ જનસમાજની આબાદી વધે અને સૌ સુખી થાય એવી રીતે વ્યવસ્થા થવી જોઇએ. સઘળાના કલ્યાણમાં આપણું સુખ છે એ લક્ષમાં રાખવું.

ખેડુતો આવી મંડળી સ્થાપી પોતાના લાભો સાચવવા અને રક્ષણ કરવા સારૂ વખતો વખત સભા ભરી ચર્ચા કરે તો કેટલા બધા મોટા ફાયદા થાય ! વળી આ મંડળીઓ કહાડવાથી ધીમેધીમે ખેતી સુધારવા માટે નિબંધો વાંચવા અને ભાષણો સાંભળવાના પ્રસંગો આવશે અને સંપથી કામ કરવાની રૂડી ટેવ પડશે. ટુંકામાં

મંડળી મળવાના ચાલથી ગામડાંના લોકોને અત્યંત લાભ થશે. એકત્ર થઇ મંડળી ઉભી કરી પેઢી ચલાવવાથી દરેક ખેડુતને પોતીકી આંટ સુધારવાને સોનેરી તક મળશે જે વિષે હવે આપણે વિચાર કરીએ.

ખેડુતોને આંટનો ઉપયોગ.

નાનો અથવા મોટો ખેડુત જરૂર પડે ત્યારે વખતસર નાણું કાં નહિ ઉછીનું લે ? નાના મોટા વેપારી પોતાની આંટમાં આબરૂ માને છે. જેમ તેની આંટ મોટી તેમ તેની આબરૂ ઉંચી. જ્યારે ખેડુત પોતાની આંટનો ઉપયોગ કરવામાં નામોશી ગણે છે, ને નાણું ઉછીનું મેળવે તે તેનો પાડોશી જાણે નહિ તેને માટે ચીંતાતુર હોય છે. તેથી તેને જ્યારે નાણાની જરૂર પડે ત્યારે તે વેપારીની માફક બજારમાં ખુલી રીતે વ્યાજબી દરે નાણું લેવા જવાને બદલે તે મારવાડીને ત્યાં પાછલે બારણેથી સંતાઇને જાયછે. જે આખરે તેને ખુવાર કરે છે. આનું શું કારણ ? શું ખેતીનો ધંધો વેપાર અથવા દુકાનદારી કરતાં આંટને માટે ઓછો હક ધરાવે છે ? શું ખેડુત તેના કરતાં ઓછો આબરૂદાર છે ? બીજા ધંધામાં નાણાની જરૂર પડે છે તેમ તેને પણ ચાલુ ધંધામાં નાણું જોઇએ. જો એ બાબતમાં ઉંડા ઉતરી વિચાર કરવાની તસ્દી લઇએ તો બેશક માલુમ પડશે કે ખેડુતને આંટથી નાણું ઉછીનું મેળવવાની જરૂર છે. બેલજીયમના ખેતીવાડીના પ્રધાનના શબ્દોમાં કહીએ તો “ખેતીવાડી બદલાતી જાય છે અને બદલાવી જોઇએ.

* * * જુના જમાના કરતાં હમણાં તેની હાલત જુદી છે. ને તેને લીધે સામસામી અથડામણુમાં આવે છે. આવી ઝપાઝપીમાં હાલની નવી પદ્ધતી પ્રમાણે કાર્ય કર્યા સિવાય તેને ફતેહ મળવાની આશા નહિ રહે. આજે સાંચા કામ, રસાયણી ખાતરો, કૃત્રીમ ફળદાયક પદાર્થો વગેરે જોઇએ છે, જેનો આપણા બાપદાદાને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. આ નવા સાહીત્યોથી ખેતરની ઉપજ વધે પણ તેમ કરવાને મોટું ભંડોળ જોઇએ. દાખલા તરીકે હાલ ની સુતરની મીલો જોઇંટ સ્ટોક કંપનીથી કામ કરે છે ને તેમાં ગંજાવર ભંડોળ રોકાયલું છે, છતાં ગરજ પડે ત્યારે બેંકની મારફતે નાણાની છુટ મેળવે છે. હવે વખત આવ્યો છે કે ખેતી-વાડીમાં નાણું અને ચતુરાઇની જરૂર છે. વળી શાસ્ત્રીય ખેતી કરવાને પુરતાં સાધન જોઇએ. આપણા ગરીબ અભણ ખેડુતને બીજા આગળ પડતા દેશોના ખેડુતો સાથે હરીફાઇ કરવાની છે. જર્મની ઇટાલી, આયર્લાંડ વગેરે દેશોમાં આવી બેંકો સ્થપાયા પછી ત્યાંના ખેડુતોની હાલત આબાદ થઈ છે ને થતી જાય છે. જર્મની જે આવી બેંકોની જન્મ ભૂમી છે ત્યાં તેની મારફત દર વરસે કરોડો રૂપીયાની ઉથલ પાથલ થાય છે. બેંક મારફત નાણું મેળવવાની સવડ નહિ હોવાથી ગરીબ ખેડુતને શાહુકાર પર આધાર રાખવો પડે છે, જે લોભી હોવાથી પોતાની અનુકુળતાએ તેને નાણું ભારે વ્યાજના દરે ધીરે છે અને તેથી થતા નફાનો ઘણો ખરો લાભ તે લુચ્ચાઇથી મેળવે છે. આ નીચલા દાખલા પરથી ખુલ્લી રીતે જણાશે.

ગરીબ ખેડુતની ગાય ક્યાં છે.

શેહેરની આજુબાજુના ગામડામાં ખેડુતો ગાયો ભેંસો રાખી દુધ પુરૂં પાડે છે એ જગ જાહેર છે. હવે એ દુધાળાં જનાવર ખરીદ કરતી વખ્ત ગરીબ ખેડુત પાસે નાણું હોતું નથી. દુધ વેચનારા ભાટીઆ આ માટે તેને નાણું વ્યાજે ધીરે છે અને તેના બદલામાં તેને ત્યાં અમુક ભાવે દુધ ભરે છે. અલબત ખેડુત ગરજાઉ હોવાથી તેને ઓછે ભાવે આપવું પડે છે. ગરીબ અને અભણ તેમજ આંટ વગરના ખેડુતને આવી રીતના કામકાજમાં મહેનત અને અવેજનો બદલો મળવો જોઇએ તે મળતો નથી પણ ભાટીઓ ખાઇ જાય છે. હવે એ ગાય કે ભેંસ નાના ગરીબ ખેડુતને સૌથી ઘણી કીમતી મદદગાર થઇ પડે કારણ તેના દુઝાણામાંથી ગાયની કીંમત અપાઇ જાય ને વાછરડું નફામાં રહે. એ ઉપરાંત છોકરાં દુધ દહીંની લેહેજત ચાખે તે જુદું. "અઢી વીઘાં અને ભેંસ" આજથી ૩૦-૩૫ વરસો પર શકય હતું. હમણાની હાલત બદલાઇ ગઇ છે. એવીજ રીતે શાક ભાજી, ફળફુલો વગેરે ટુંકામાં કુવેતર કરવા સારૂ ભંડોળની જરૂર છે. પાણીની તંગાસને લીધે આ નફાકારક ધંધા પર લક્ષ આપવું મુસ્કેલ પડે છે.

ઇંગ્લાંડમાં માખણ, શાકભાજી, ફળફુલો વગેરે ડેન્માર્ક, ઇટાલી વગેરે બીજા દેશોમાંથી આવે છે. કરોડો ઇંડાં છેક રશિયાથી આવે છે. આપણે શું કરવા જોઇએ ? મુંબઇમાં એવી ચીજોની મોટી ખપત છે ને સારા ભાવ ઉપજે છે. તે બધું પુરૂં પાડવાને સહકારી આડતથી સુરત જીલ્લાના ખેડુતો પ્રયત્ન કાં નહીં કરે ? હવે આપણે

ગામડાં તરફ લક્ષ આપીએ. ગામડમાં જઇ તપાસ કરશો તો માલમ પડશે કે આખા વરસમાં આશરે ૭ મહિના કામ કરવાનું હોય છે અને બાકીના ૭ મહીના આળસુ પડી રહેવું પડે છે. આ કેટલું બધું નુકશાન? આનું કારણ શું? ભંડોળ અને ચતુરાઇની તંગી. જો વર્ષનો નકામો અર્ધો ભાગ ખેતીવાડીને લગતા પેટા ધંધામાં કામે લગાડે તો બમણી આવક થાય એમાં કંઇ શક નથી.

ખેતીવાડી પણ બીજા ધંધા માફક છે. તેને ખીલવવાનાં સાધનો જોઇએ. હાલના જમાનામાં દરેક જાતનાં ઉદ્યોગમાં સ્થાવર ભંડોળની જરૂર છે. ને તે ઉપરાંત કામકાજ સારૂં પુરતું ભંડોળ જોઇએ. ત્યારે સવાલ એ છે કે ખેતીના ધંધામાં આવું કાં નહીં જોઇએ.

ગરીબ ખેડુતો, વણકરો અને બીજા કારીગરોના વપરાશ માટે આવી બેંકો ગંજાવર રકમો ઉભી કરવામાં બહુ મદદ કરશે. તેઓને ભારે વ્યાજના જુલમમાંથી બચાવવાને અને આર્થિક પરતંત્રતામાંથી મુકત કરવાને ઉત્તેજન આપશે એટલુંજ નહીં પણ તેઓને વ્યાપાર સંબંધી વ્યવહારીક જ્ઞાન આપવામાં પ્રાથમિક અને ઉંચી કેળવણી આપવામાં અને તેઓના મનમાં ખરૂં સહકારી ચૈતન્ય જાગૃત કરવામાં સહાય કરશે. વળી સહકારીપણું બીજા રૂપોમાં ખીલવવાને અતિશય મદદ કરશે. તેટલા માટે આવી લાભકારક યોજના તરફ ગંભીર ધ્યાન આપવું જોઇએ અને દરેક દેશભકતે દીલદાઝ બતાવવી જોઇએ.

આપણા વડીલો બોલતા તે પ્રમાણે ચાલતા હતા. ઉદાહરણ તરીકે, ખેતીનો ધંધો ઉત્તમ છે એ કહીને નહીં પણ કરીને દેખાડયું છે. "**ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ નોકરી,**" એ કહેવત અનાવિલ બંધુઓ બોલે છે પણ તે પ્રમાણે ભણેલામાંના કેટલા ચાલે છે ? આ શું બતાવે છે ? ખેતીનો ઉત્તમ ધંધો આજે અધમ હાલતમાં આવી પડયો છે. બે પેઢી અગાઉ અનાવલા નોકરી નહીં કરતાં એટલુંજ નહીં, પણ મને સારી રીતે યાદ છે કે આજથી ૩૫-૪૦ વરસો અગાઉ તેને નામોશી તરીકે ગણતા. ત્યારે આજના અનાવિલ યુવાનો હલકી નોકરીમાં મોટાઇ માને છે. મુંબઇ જેવા ગીચ વસ્તીવાળા શહેરમાં ગંધાતી નાની ઓરડીમાં ફુરસદે નકામા ગપ્પા મારવામાં આનંદ માને છે. આફ્રિકામાં કેટલાક સ્વમાન ખોઇ મજૂરી કરે છે ! આના કરતાં નઠારી દશા શી ? આવા સંજોગો સંબંધી હકીકત ધ્યાનમાં લઇ આપણે યોગ્ય ઉપાયો સત્વર લેવા જોઇએ ને બનતી કોશીશ કરવી જોઇએ. ખેતીના ધંધા તરફ અભાવ થવાનાં કારણો બાબત તપાસ કરી તે દૂર કરવાને ઘટીત થવું જોઇએ. કારણો વિષે અહીં લંબાણથી લખવા કરતાં આ સ્થળે માત્ર એટલુંજ કહેવું બસ છે કે ગામડાંની જીંદગી હાલની પ્રવૃત્તિને અનુસરી યુવાનોને અનુકુળ આવે તેમ અને તેઓનું લક્ષ ખેતી સુધારી આબાદ કરવા તરફ દોડે તેવી રીતે ઉત્તજન આપવાને પ્રયત્ન થવો જોઇએ. તેમજ સંસાર સુધારા તરફ પણ ધ્યાન અપાવું જોઇએ.

આ વિષયના ઉદ્દેશને ધ્યાનમાં રાખી હાલમાં ખેતીવાડી

ખીલવવા સારૂ જોઇતું ભંડોળ મેળવવા સંબંધી વિચાર કરવાનો છે. દેશમાં ભંડોળ પુષ્કળ છે પણ તે ખેડુતોને નકામું છે. જે નીચલી હકીકતથી જણાશે. અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે જે ધંધામાં વધારે વ્યાજ ઉપજે તેમાં ભંડોલ રોકવાને લોકો હંમેશા આતુર હોય છે. હાલમાં ખેતીની અંદર થોડું ભંડોળ રોકાયલું છે જેથી તેનું વ્યાજ કંઇ ઉત્પન્ન થતું નથી કારણ જે થોડું ભંડોળ એમાં રોકાયલું છે તે પુરતું નથી, માટે તેનું પરિણામ શુન્ય આવે છે. પણ જો પુરતું ભંડોળ એમાં રોકવામાં આવે તો ૫ થી ૬ ટકા સહેલાઇથી ઉપજી શકે. મધ્યમ વર્ગના અને અમલદાર વર્ગના લોકોની બચતનો મોટો ભાગ સેવીંગબેંક અને પ્રોમીસરી નોટોમાં ફકત ૩ થી ૩½ ટકાના વ્યાજે પડેલો છે ને તેમાં તેઓ સંતોષ માને છે. જો એ નાણું ધીમે ધીમે સહકારી બેંકોમાં રોકવામાં આવે તો જીલ્લામાં નાણું રહે ને ખેડુતોને ઓછે વ્યાજે નાણું મળે અને તેથી બેઉને પરસ્પર ફાયદો થાય. આમ કરવાને માટે એક બીજાનો ભરોસો પડવો જોઇએ ને તેથી મધ્યસ્થ તરીકે આવી બેંકોની જરૂર છે એ ખુલ્લી રીતે સમજાશે. આ દેશની વસ્તીના ૮૦ ટકાથી વધારે ખેડુતો છે. તેઓને નાણાની તંગી પડે છે અને ભારે વ્યાજ આપવું પડે છે એ ખરેખર શોચનીય છે, અને જન સમાજની કહેવાતી ઉજ્વળ કીર્તિને મોટું લાંછન છે.

ઉપલી બીના પરથી ખેતીવાડી સંબંધીની આંટને માટે જેમ વધારે બારીકાથી વિચાર કરીએ તેમ એની જરૂરીઆત ખરેખર સ્પષ્ટ અને ખરી જરૂરની જણાય છે. એ તો તદ્દન દેખીતું છે

કે ગરીબ ખેડુતોને પોનાનો ધંધો જે હાલતમાં હલકો અને ઓછી કમાઇવાળો ગણાય છે તે ચાલુ રાખવાને નાણાં જોઇએ, ને તે આવા બારીક સમયમાં એ બિચારા કયાંથી લાવી શકે? ખેતીવાડીના ઓજારો. ઢોરો, સારાં બીયાં અને ખાતર વગેરે ખરીદવા અને ખેતરની પેદાશ સારા બજાર ભાવે વેચી શકે તેટલો વખત થોભવાને અને તેનાં નાણાં પાછાં ફરી વળે ત્યાં સુધીની ટુંક મુદત માટે ભંડોળ કેવી રીતે ઉભું કરવું એ મુશ્કેલ છે. એ લોકો ગુંચવાય એમાં નવાઇ નથી. તેઓની પાસે પોતાની મુડી જેવું કંઇ નથી. ખરેખરી રીતે બોલતાં તેઓ પાસે પોતાનો ધંધો ચલાવવાને જોઇતું ભંડોળ નથી. તેથી કરી બીજે કેકાણેથી કોઇ બી રીતે નાણું મેળવવા વગર બીજો ઉપાય નથી. તેટલા માટે ગામડાંમાં નાની સહકારી મંડળીઓની આવશ્યતા છે. આવી મંડળીઓ ગરીબ લોકોની જરૂરીઆતો પુરી પાડવાની ગરજ સારે છે તેવા રીતે બીજું કોઇ ખાતું સંતોષકારકરીતે કરી શકશે નહીં એ અનુભવ સિદ્ધ બીના છે.

ભારે વ્યાજનો શ્રાપ.

ખેડુતને જરૂર પડે ત્યારે તેની આંટ પર નાણું મળવાની સગવડ નહીં હોવાથી તેને ભારે વ્યાજ આપવું પડે છે. આપણા દેશમાં મારવાડીના ભારે વ્યાજને માટે શું બુમ નથી? લાખો મજુરો, કારીગરો અને ખેડુતો ભારે વ્યાજના બોજાથી પાયમાલ થઇ ગયા છે. સદીઓ થયાં ગરીબો સીધા અગર આડકતરા કરોના બોજા

નીચે છુંદાયા કરે છે. હિંદની પડતીના ઘણાં કારણોમાંનું આ એક મુખ્ય છે. આ તરફ પ્રજાનું અંતઃકરણ જલદીથી જાગૃત થવાની જરૂર છે. નાની રકમો સારૂ સેંકડે **૧૨ થી ૭૫ ટકા વ્યાજ** લેવાનો સાધારણ રીવાજ છે. અને કેટલીકવાર ૧૦૦ થી ૬૦૦ ટકા જેટલું અતીશય ભારે વ્યાજ લેવાને લોભી શાહુકારો શરમાતા નથી. શાઈલોકની જાતથી પણ હલકા, લોહીના તરસ્યા મારવાડી શાહુકારોના પંજામાં અભણ ગરીબ લોકો સહેલથી ફસાય છે. તેઓને આ ભારે આપદાથી છુટા કરવાને બનતી કોશીશ થવી જોઇએ. પણ અત્યાર સુધી ઉલટું આપણે રીવાજોના ગુલામ હોવાથી ઉપલો વર્ગ અને ધર્મશાસ્ત્ર એ નફટ હલકા ધંધાને ઉત્તેજન આપે છે. હીંદુ ધર્મશાસ્ત્ર વ્યાજને માન્ય રાખ્યું છે. **દામદુપટ** એટલે મુદ્દલના બમણા એ કાયદાપુર્વક ગણાય છે. આ શરમ ભરેલા ધંધામાં સ્વાર્થી ધર્મગુરૂઓની સામેલગીરી હોવાથી વિદેશી સરકારે તે કાયદાપુર્વક ઠરાવ્યું છે. જો કે ખિસ્તી અને મુસલમાન શાસ્ત્રો વ્યાજની તદ્દન વિરૂદ્ધ છે. આ સ્થળે આ બાબત લંબાણથી લખવા કરતાં "ધર્માદા બેંકો" સ્થાપવા સંબંધી નાની પોથી લખી હું બહાર પાડીશ.

આવી બેંકો ગરીબોને સંકટમાંથી છોડવે છે અને પ્રમાણિકપણાને ઉત્તેજન આપે છે. કારણ જયાં સુધી કોઇ તેના પાડોશીને પ્રમાણિક તરીકે ઓળખે છે ત્યાં સુધી તેને મદદ કરવા તે આંચકો ખાય નહી. કોઇ વેપારીને ત્યાં શાહુકારી વ્યાજે નાણું મુકે તેને બદલે આવી બેંક મારફત ખુશીથી આપે. આવી લેવડ દેવડનો

મુખ્ય આધાર પરસ્પરના ભરોસા પર છે, ને તેને આ બેંકો મદદ રૂપ થઇ પડે છે. આ સાર્વજનીક ખાતું ગરીબોને ખરેખર આવકાર-દાયક છે.

વળી જમીનની મહેસુલ અથવા ફીસ ભરવાનો વખત એવો કઢંગો છે કે તેને લીધે ગરીબ ખેડુતોને પોતાના ખેતરોની ઉપજ સસ્તા ભાવે વેચવાની જરૂર પડે છે. એ તરફ ખાસ લક્ષ આપવાની જરૂર છે. કારણ એ અરસામાં વેપારીઓ ખેડુતોની ગરીબાઇનો અયોગ્ય લાભ જાણી જોઇને લે છે. હવે આને માટે બે ઉપાયો છે. પ્રથમ એકે ફીસ ભરવાના વખતમાં ફેરફાર થવો જોઇએ તે સરકારના હાથમાં છે. આ તરફ સરકારનું ધ્યાન ખેંચવા ખેડુત વર્ગે તાલુકાવાર ખેડુત એસોસીએશનો સ્થાપી તે મારફત સંખ્યા બંધ અરજીઓ કરવી જોઇએ એટલે સરકારને ધ્યાન આપ્યા વગર ચાલશે નહીં. પરંતુ એવી તકરારની બાબતોનો નીકાલ હમેશના ધારા મુજબ લાંબી મુદત પછી થાય. બીજો ઉપાય એ છે કે ફીસનાં નાણાં ઓછે વ્યાજે આવી બેંક મારફત ભરવાની સગવડ થાય તો થોડે અંશે અડચણ દૂર થાય. વ્યાજ ખાધનો બદલો ખેતરની પેદાશના ઉંચા ભાવ મળવાથી વળી રહેશે અને કદાચ કેટલીક વખત તે ઉપરાંત સારો નફો થવાનો સંભવ છે. પાછલો એટલે બીજો ઉપાય લોકોના હાથમાં છે. તેનો લાભ લેવાને ખેડુતોએ કોશીશ કરવી જોઇએ. વેપારીઓ જાણે છે કે ફીસ ભરવાની ઉતાવળ વખતે નાણાંની તાણને લીધે ખડુતો ગરજાઉ હાલતમાં હોય છે તેથી ઓછે ભાવે પડાવી લે છે તેવીજ રીતે એથી ઉલટું ઢોરો અને બીઆં

લેતી વખત ખડુતોને ઉંચી કીમત ભારે વ્યાજ સાથે આપવી પડે છે. આ રીતે જોતાં ખેડુતોને બેઉ બાજુથી નુકશાન ખમવું પડે છે. આ બધી હરકતો દુર કરવાને આ લોકોપયોગી બેંકો સરસ સાધન છે એમ ખાત્રીથી કહેવાને કાંઇ ખોટું નથી,

આ ઉપરથી ખુલ્લું જણાશે કે ઓછે વ્યાજે ખેડુતો નાણાં મેળવી શકે તેને માટે જોગવાઇ કરી આપવામાં આવે તો તેઓને નવી જાતની જીંદગી બક્ષી એવું લાગશે. નાની મોટી રકમો અંગત જામીનગીરી પર છ ટકાને વ્યાજે જરૂર પડે ત્યારે વખતો વખત મળે તો ભારે વ્યાજના બોજામાંથી છુટે અને ખેતીવાડીમાં સુધારો કરવા સારૂ પઇસાની છુટ થાય. બેંકો સ્થપાય તો રસ્તો સુઝ પડે અને ઘણી રીતે ફાયદો થાય. એટલા માટે હવે એવી બેંક ગામડાં-માં સ્થાપવાને કેવી રીતે કામ લેવું જોઇએ તે સંબંધી હવે આપણે વિચાર કરીએ.

ખેતીવાડીની પેઢીઓ કેવી રીતે ઉભી કરવી.

ગામડામાં બેંક ઉભી કરતા અગાઉ પ્રથમ એ નક્કી થવું જોઇએ કે અમુક પ્રગણામાં લોકો ઘટતી મુદતની અંદર એનો લાભ લેવાને તયાર છે અને તે નીભાવવાને પુરતું કામ મળશે. તાત્કાળીક પરિણામ જણાવું જોઇએ એ કંઇ જરૂરનું નથી. બેંક જે ફાયદાઓ કરવાના હેતુઓ ધરાવે છે તે લોકો જાણશે ને લોકો તેનાં રૂડાં ફળો ચાખશે કે આપોઆપ એના સંગીઓ નીકળશે. પણ તે દરમ્યાન કદાચ ખારો કે બેંક બંધ કરવી પડે

તો એવી રીતે અજમાયશ થવી જોઇએ કે શરૂઆતમાં ભારે નુકશાન ખમવું પડે નહીં. એને માટે કંઇ ચોક્કસ નિયમો ઘડી શકાય નહીં. આ સ્થાનિક જરૂરીઆતનો સવાલ છે. જેનો નિર્ણય કરવાનું કામ ત્યાંના લોકોના હાથમાં છે. જો ગામડું નાનું હોય તો નજીકનાં બે ત્રણ ગામડાં સાથે મળીને કરે તો પણ ચાલે. સૌથી અગત્યનો મુદ્દો એ ધ્યાનમાં રાખવાનો છે કે બેંકની ફતેહનો મોટો આધાર સભાસદોના અરસપરસ ચાલુ સમાગમમાં રહેવા પર છે, અને મીટીંગ વખતે નિયમસર હાજર રહેવાને બહુ મહેનત અને વખતનો ભાગ નહી આપવો પડે અને બેંકની કામકાજની બધા સભાસદોને બરોબર ખબર આપતા રહેવી. અને તેમ લોકોની જાણમાં લાવવાને પ્રયત્નો કરવા.

શરૂઆતમાં ઘણા મેમ્બરો જોઇએ એ કંઇ જરૂરનું નથી. દેશાવરમાં કેટલીક સંગીન અને આબાદ બેંકો આશરે ૧૦–૧૨ સભાસદોથી શરૂઆત કરે છે. સભાસદોની સંખ્યા કરતાં તેઓનાં કામ અને ઉત્સાહી સહકારીપણા પર તેની ફતેહનો આધાર છે. સભાસદોએ જાણવું જોઇએ કે તેઓ એક બીજાનો ભરોસો રાખી શકે. ઉતાવળે સાર્વજનીક મીટીંગ ભરી થાળી પીટાવવાની કંઇ જરૂર નથી. પ્રથમ પાંચ છ શખ્સ સારી લાયકાતવાળા જેઓ આ બાબત બીજાઓને સારી રીતે સમજાવી શકે તેવા હોય તો બસ, અને ધીમે ધીમે બીજાઓને ભરોસામાં લેવા કે જેથી ટોળું વધતું જાય. બેંક તેડે છે એમ નહીં પણ ઉમેદવાર પોતે અરજી આપે એમ થવું જોઇએ.

બેંક ગરીબ સ્થિતિના માણુસો માટે છે તેથી કરી તેમાં દાખલ થવા સારૂ પૈસા સંબંધી લાયકાત બાબત બને તેટલી સુગમતા રાખવી. શેરો અગર દાખલ થવાની ફીની કાંઇ જરૂર નથી. અને તેમ ખરચ ઓછો રાખવો. પ્રથમ કોઇ ગ્રહસ્થના ઘરની નાની સરખી ઓરડીમાં જેનો વપરાશ અલબત વગર સંકોચે મફત હોવો જોઇએ. રીતસર અને દમામ વગર હોય તેમ સારૂં. બેંકના સભાસદો બધા ગરીબ હોવા જોઇએ એમ ઉપરનું કહેવું છે એવો કાંઇ ભાવાર્થ નથી. જુદા જુદા વર્ગોના અને ન્યાતના માણસો હોય અને તેઓ એક બીજાના સંસર્ગમાં આવે તો વધારે સારૂં. એક બીજામાં એખલાસ વધે તેમ બેંકને આબાદ થવાનો સંભવ છે, ને જેથી હેતુ જલદી બર આવે. સભાસદોમાં કંઇ ન્યાતજાતના તેમજ પૈસાદાર અને ગરીબના તફાવત વગર કામકાજ કરવાનો નિયમ રાખવો. મીટીંગ વખતે બધા સભાસદો સમાન દરજ્જાના હોય અને સમાન હકો અને સમાન જોખમવાળા છે એવી રીતે વર્તવું કે જેથી કંઇ તફાવત જોવામાં નહીં આવે. આવી રીતે પરસ્પર માયાળુ લાગણી અને વિશ્વાસથી બધાના મનમાં લાગશે કે આ દુનિયામાં આપણા લાભો એકજ છે અને કાર્યમાં અજબ રીતે ફતેહ મળશે. જો બધું કામકાજ સંભાળથી અને પ્રમાણિકપણાથી ચલાવવામાં આવે તો આ ઉમદા કાર્યમાં ફતેહ મળે એમ કહેવાને કંઇ શક નથી. શ્રીમંત ગૃહસ્થો તેઓના અનુભવ અને પોતાની સારી સ્થિતિની આંટનો લાભ ખુશીથી આપશે. જ્યાં સુધી બેંકને કંઇ તોટો નથી ત્યાં સુધી આમ

કરવામાં તેઓને કંઇ જોખમ નથી. તેમ કાંઇ ખરચ કરવાનો નથી. લોકોને તેઓના નાણાની અગર નાણું ખરચાવવાની કંઇ ઇચ્છા નથી. પણ બેંકને એટલુંજ જોઇએ છે કે ગરીબો પોતે સ્વાશ્રય શીખી તેઓ એકમેકને મદદ કરે. હવે એ કેવી રીતે કરવું તે આગળ ઉપર વીગતવાર જણાવવામાં આવશે.

પેઢી સ્થાપવી એમ નક્કી ઠરે અને સભાસદોની પહેલવહેલી ટોળી કામ કરવાને ઉભી થઇ કે આગેવાનોએ એક ચોપડીમાં સહી કરાવવાનું શરૂ કરવું કે જે અગાઉ જતાં જામીનગીરીની પ્રતિજ્ઞા અને ખતો પર તેઓની સહીઓના ખરાપણા બાબત સાબીત કરવાને ઠીક પડે. આ નિયમ ત્યાર પછીના નવા સભાસદોને પણ એક સરખી રીતે લાગુ પડે છે. એ ખુલ્લું છે કે બેંકના સભાસદ થયા કે મંડળીના નિયમો પ્રમાણે વર્તવાને તે બંધાય છે. પરંતુ ઉપર મુજબ સહી કરવાથી પોતે જે ફરજ અદા કરવાનું માથે લે છે તેનું ભાન આવશે.

સન ૧૯૦૪ ના આકટ નં. ૧૦ પ્રમાણે મંડળી નોંધાવવા સારૂ રજીસ્ટ્રારને અરજી કરવી અને જે માહિતી રજીસ્ટ્રાર માંગે તે પુરી પાડવી જોઇએ. મંડળી નોંધાવ્યા પછી ઉપર જણાવેલા આકટની રૂએ કરેલી કાનુનો પ્રમાણે કામની શરૂઆત કરવી. સદરહુ આકટ ગુજરાતીમાં છપાયલો છે અને તે ઘણી નજીવી કીંમતે મળે છે માટે એ વિષે અહી લંબાણથી સમજુતી આપવાની અગત્ય નથી. મંડળીના કાનુનો આકટની એક નકલ સહીત સભાસ-

દારોની જાણ સારૂ પેઢીની કચેરીમાં રાખવી. આક્ટની થોડી મુખ્ય કલમો આ સાથે સામેલ છે.

બેંકનો વહીવટ.

પરસ્પર સહકારી પતપેઢીનો વહીવટ સાદો ને સરળ હોવો જોઇએ. એના હેતુ ધ્યાનમાં રાખી સભાસદો બેંકનું કામકાજ સારી રીતે ચલાવશે તો રસ્તો સુઝશે. બેંકના મૂળ હેતુઓ–મંડળીના સભાસદોના લાભકારી વપરાસ સારૂ નાણું પુરૂં પાડવું અને તેઓને વેપારી કેળવણી આપવી તથા સાથે મળી કામ કરતાં શીખવવું.

પ્રથમ મુખ્ય હેતુ એટલે જો સભાસદો સારૂ નાણું પુરૂં પાડવું હોય તો બેંકે પોતે લોકોનું મન એવી રીતે ખેંચવું કે તેઓ નાણું અનામત મુકવાને લલચાય. આને માટે સૌથી સરસ સાધન એ છે કે જે શખ્શો પાસે રોકડ થાપણ હોય તેઓને સારી જામીનગીરી આપવી. વળી બેંક ખરા શરાફી ધોરણ પર ચલાવાય છે એમ તેઓને ખાત્રી કરવી અને જ્યારે જોઇએ ત્યારે નાણું તરત પાછું આપવાને બેંક તૈયાર છે. એવી ખાતર જમા આપવી. તેઓનો અવેજ સહીસલામત રીતે રોકેલો છે અને બેંક સધર હાલતમાં છે એ વિષે પુરતી સંતોષકારક માહીતી વખતો વખત આપવી,

પેઢીનું મુખ્ય કામ એ છે કે જેમ બને તેમ સસ્તે દરે નાણું ઉછીનું લેવું અને સહેજ વધારે વ્યાજના દરે સભાસદોને ઉછીનું આપવું કે જેથી વચમાંનો થોડો નફો રહે. તે ફેર એટલો હોવો જોઇએ

કે તેમાંથી બેંકનો ચાલુ ખરચ નીભાવવા પુરતી રકમ થાય અને ધીમે ધીમે રીઝર્વ ફંડ એકઠું થાય.

વળી બીજું મહત્વનું કામ એ છે કે ગામડાના ગરીબ લોકોની બચત એકઠી કરવી. આ કામ જેવું તેવું નથી. તેઓની બચત વ્યાજે મુકવાને આવી સંસ્થાની ખાસ જરૂર છે. આ સૌથી ઘણી ઉપયોગી આશાબંધ સેવા છે. સેવીંગ બેંકનો વ્યાજનો દર ઓછો છે ને એથી સહેજ વધારે સહેલાઇથી અપાશે.

બેંકે પોતાનું નાણું રોકવું એ ખરેખર ઘણી વધારે મુશ્કેલીનું કામ છે. બેંકની ફતેહનો મુખ્ય આધાર તેપર છે. તેટલા માટે કમીટીએ એનાપર ઘણી બારીકાઇથી ધ્યાન આપવું. થાપણ ડહાપણથી રોકવા અને તેની સંભાળ રાખવા બાબત જેટલું લખીએ તેટલું ઓછું છે. અહીં એટલુંજ કહેવું બસ છે કે કંઇ પણ અપવાદ સિવાય કોઇને સંપૂર્ણ ખાત્રી અને સહીસલામતી વગર નાણું ઉછીનું આપવું નહીં. બરોબર તપાસ કરી સારા નફાવાળા કામો માટે આપવાને ખંચાવું નહીં, પરતું સહેજ બેદરકારી અથવા ઉડાઉપણા જેવું લાગે તો રકમ ઉછીની આપવી નહીં. રૂપીઆ લો એમ કહેવા જવું નહીં પણ જ્યારે સારો ખરો દાખલો માલમ પડે ત્યારેજ આપવાને હા કહેવી.

બેંકના વહીવટ અને જવાબદારી માટે સઘળા સભાસદોને શીર સરખી એકત્ર જોખમદારી છે. માટે તેના કારભાર સંબધી સઘળી બાબતોમાં જનરલ મીટીંગના હાથમાં સર્વોપરી સત્તા રાખવી

એ અવશ્યનું છે. જો કે વહીવટનું મુખ્ય કામ પસંદ કરેલી કમીટીએ કરવાનું છે. તેઓએ બને તો દરેક અઠવાડીએ મળવું, નહીંતો પખવાડીએ મળવુજ જોઇએ.

હીસાબ રાખવાની પદ્ધતી સાદી અને દરેક જણુ સમજી શકે એવી હોવી જોઈએ. રોજમેળ ખાતાવહી વગેરે બરોબર નીયમસર આંકડ મુજબ રાખવાં જોઇએ. હીસાબની બધી ચોપડીઓ સંભાળથી રાખવી. દર પખવાડીએ સરવાયું બહાર પાડવું, જે વ્યવહારમાં અતીશય ઉપયોગી થઇ પડશે. વારંવાર હીસાબ રજુ કરવાથી લોકોને ભરોશો આવશે એટલુંજ નહી, પણ સભાસદોને પોતાની જોખમદારી ધ્યાનમાં રહેશે. કમીટીને સારૂં કામકાજ કરવાની સારી ટેવ પડશે ને ચીવટથી કામ કરશે.

પેઢી તરફ પૈસાદારોની ફરજ.

અહીં "પૈસાદારો" એટલે જેઓને પોતાના કામકાજ માટે પેઢીની આંટની ગરજ નહી હોય તેઓનો સમાવેશ થાય છે. ઘણુંકરી કસ્બામાં એવા ગ્રહસ્થો ઘણા હોય છે કે જેઓ ધારે તો આવી ઉપયોગી સંસ્થાને ખચીત કીંમતી મદદ કરી શકે. આવી મંડળીઓની બાબતમાં બક્ષીશો લેવાના રીવાજથી દુર રહેવું એ અવશ્યે લક્ષમાં રાખવું. એથી આ નવી સંસ્થાને ફાયદાને બદલે નુકસાન થવાનો સંભવ છે. એ જરૂરનું નથી છતાં શરૂઆતમાં બેંક ઉભી કરવાના ખરચ સારૂ નાની બક્ષીશ તરીકે લેવાય. મંડળીને ફકત પ્રથમના ખરચના બોજામાંથી મુકત કરવી એ સારૂં છે.

કારણ બીનઅનુભવીઓ એવા ખરચથી કદાચ ભડકી જાય. આવી મદદ મેળવવી એ ડહાપણ ભરેલું નથી એ ધ્યાનમાં રાખવું.

મંડળીએ પોતાનો વહીવટ એવી રીતે રાખવો કે જેથી પોતાની જરૂરીઆતો માટે પોતાના પર આધાર રાખવાને શીખવું. ખરચ બને તેટલો ઓછો રાખવો અને જરૂર લાગે તે પ્રમાણે વ્યાજનો દર વખતો વખત ફેરવવો.

બેંકમાં નાણું ડીપાઝીટ તરીકે મુકીને શ્રીમંતો મદદ કરી શકે. આમ કરવાથી બીજાઓ ડીપાઝીટ મુકવાને ખેંચાશે ને લોકોમાં પેઢીને માટે વિશ્વાસ આવશે. વળી પ્રસંગોપાત મંડળી પાસેથી રકમ ઉછીની લેવી કે જેથી તેના ગરીબ પાડોશીઓને એમ લાગે કે મંડળી પાસેથી સારા લાભકારક કાર્ય સારૂ જરૂર પડે નાણું લેવામાં કંઇ શરમ નથી. પૈસાદારો બેંક સાથે અવરનવર લેવડ દેવડ કરે તો બીજાઓને હીંમત આવે ને દેખાદેખીથી બેંકનું કામ કાજ વધે. લોકોને જેવારે જોઇએ તેવારે નાણાની સવડ કરવાને જોગવાઇ મળશે એ કંઇ થોડો લાભ નથી.

આવી મંડળી આપણા દેશમાં નવી સંસ્થા છે. પણ ઇટાલી અને જર્મનીમાં મોટી સંખ્યામાં માતબર હાલતમાં છે. ત્યાં એનો પ્રસાર જાદુની માફક થયો છે. વળી આયર્લાંડમાં આવી બેંકોએ ખેતીવાડીમાં સહકારીપણું દાખલ કરવાને અને તેનો ફેલાવો કરવાને અતીશય મદદ કરી છે. આપણા દેશની હાલત કેટલીક બાબતમાં આયર્લાંડને મળતી છે. ત્યાં આ બેંકો સરસ ચાલે છે ને થોડા

વરસોમાં આખા દેશમાં ફેલાશે એવું અનુમાન છે. હું ધારૂં છું કે આપણા લોકોને એ કલ્યાણકારક માલમ પડશે. આ સાર્વજનીક ખાતું છે ને સ્થાનિક સ્વરાજ્ય ચલાવવાની કેળવણીના શુભ કાર્યમાં પ્રથમ પગથીઉં છે. સુધરેલા દેશોમાં સહકારીપણું લોકોની સંસાર સ્થિતિ સુધારવામાં અવશ્યનું જણાય છે ને તેની અસર અચંબો પમાડે તેવી છે. બીજા દેશોના દાખલા મોજુદ છે તો આપણા દેશમાં કાં નહીં દાખલ થાય? બીજી ઘણી બાબતોમાં આપણે યુરોપના સુધારાને પગલે ચાલીએ છીએ. તો આ ઉમદા હીલચાલમાં તેઓનું અનુકરણ કરવાને શું હરકત છે? અજમાયશ જેવું કંઇ નથી. ધર્મ ઉપદેશકોના લાંબા લાંબા અર્થરહિત ભાષણો કરતાં આવી બેંકો નિતી, પ્રમાણિકપણું અને સારી ચાલચલગત વધારે સારી રીતે શીખવે છે. બેંક લેવડદેવડ કરે તેમાં બધાને સામાન્ય જોખમદારી સમાયલી છે. પરસ્પરના વિશ્વાસ વગર આવી જવાબદારી માથે લેવાને બનવું મુશ્કેલ છે. એક ઠેકાણે મારા વાંચવામાં આવ્યું છે કે સહકારી બેંકોની સૌથી સરસ જામીનગીરી તેના સભાસદોની સારી ચાલચલગત છે. આવી સહકારી બેંકોમાં સામાન્ય લાભ રહેલો છે ને તે ખરેખર બહુ ઉપયોગી છે એવું લોકોને જણાશે ને તેથી થતા ફાયદાનો અનુભવ થશે કે એની સંખ્યા વધતી જશે. ભારે વ્યાજ જડમુળથી નાબુદ થશે અને મારવાડી પોતાની મેળે દુકાન બંધ કરી ચાલતો થશે.

ખેતીવાડીને લગતા નાના ઉદ્યોગો ખીલવવાનું કામ ભંડોળની તાણને લીધે બંધ પડેલું છે તે શરૂ કરવાને અને જુના પડી

ભાંગતા ધંધાઓનું પુનર્જીવન કરવાને આવી બેંકો એક ઉમદા સાધન છે એ નિર્વિવાદ છે. જોઇતા ભંડોળ માટે આવી સરસ યોજનાનો લાભ કાં નહીં લેવો! નશીબ અને ઇશ્વરપર દોષ મુકી આળસુ થઈ બેસી રહેવું એ શું ડહાપણ કહેવાય? આપણું હીત સમાયલું છે તેવી લાભકારક યોજના અમલમાં મુકવાને આપણે હીમ્મતથી પગલા ભરવાં જોઇએ. આપણી પૂર્વની જાહોજલાલી કયાં ને આજે આપણે દાસપણામાં હાડમારી ભોગવવીએ છીએ. એ બેઉ સ્થિતિમાં કેટલો બધો ફેર? આપણી સામાજીક સ્થિતિ સુધારવાને બને તેટલી કોશીશ કરવી જોઇએ. આપણા ગરીબ બંધુઓ તેમજ શુદ્રો તરફ બેદરકારી રાખવી એ મોટી ભુલ છે. તેઓને આબાદીમાં લાવવાને પુરૂષ પ્રયત્ન કાં નહીં કરવો? તેઓને સુખી કરવામાં આપણે તન મન અને ધનથી યથાશક્તી મદદ કરવી એ આપણી પવિત્ર ફરજ છે. બીજાઓના સુખમાં આપણું સુખ સમાયેલું છે એમ સમજી આપણે ચાલીએ તોજ સામાજીક ઉન્નતિ થાય. દેશોન્નતી માટે એજ ખરો રસ્તો છે.

બે વરસ થયાં રા. બા. ખંડુભાઇ ગુલાબભાઇ દેસાઇ તથા ખા. બા. બમનજી એદલજી મોદી વીગેરે ગ્રહસ્થોએ સુરત ખાતે **ધી સુરત ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ અરબન યુનીયન લીમીટેડ** ઉત્સાહથી મેહેનત લઇ સ્થાપી છે. આવા યુનીયનની ખાસ જરૂર છે કારણકે તેથી સુરત જીલ્લામાં ગામડાંની બેંકો ઉભી કરવાને જોઇતું ભંડોળ શરૂઆતમાં મળવાને સુગમતા થશે. વળી

ખેડુતો કારીગરો વીગેરે ગરીબ વર્ગની હાલત સુધારવા તેમજ તેઓનો ધંધો ખીલવવા સારૂ નાણાં સસ્તે વ્યાજે આપવાની ઉમદા નેમ આ સંસ્થાની છે. આ સ્તુતીપાત્ર કાર્યમાં કસ્બા અને ગામડાના ગૃહસ્થો પણ સારો ભાગ લેશે એવી ઉમેદ છે. ઉપલી કંપનીની થાપણ રૂ ૨૦૦૦૦૦ બે લાખની રાખવામાં આવેલી છે. કોઑપરેટીવ ક્રેડીટ સોસાઇટીના નિયમો પ્રમાણે એ કંપની સરકારમાં રજીસ્ટર થયલી છે. એ કંપનીનો ખાસ ઉદ્દેશ ખેડુત તથા ગરીબ વર્ગને મદદ કરવાનો હોવાથી સરકારની પણ એ કંપનીને થોડી મદદ છે. એ કંપનીના રૂા. ૨૦ ના દશ હજાર શેરો છે, જેમાંનો મોટો ભાગ ખપી ગયેલો છે. રૂા. ૨૦ નો એક શેર લેવાને સાધારણ માણસને મુશીબત જેવું નથી. આ કામ "એક પંથ અને દો કાજ" જેવું છે. ઉમદા કામમાં પૈસા રોકવાના છે અને રોકેલાં નાણાનું સારૂં વ્યાજ મળશે. એટલે ખરૂં કહીએ તો બીન જોખમે ગરીબ ખેડુતોને મદદ કરવાનું આ એક ઉત્તમ સાધન છે. ફકત શેર હોલ્ડરોજ એ સોસાઇટીનો લાભ લઇ શકશે, માટે ખેડુતોએ જરૂર વધારે નહીં તો એકેક શેર તો લેવો. ફકત રૂા. ૨૦ રાકીને પ્રસંગોપાત ઓછે વ્યાજે સારી રકમ મેળવી શકવાનું બની શકશે. વધુ ખબર સારૂ એ યુનીઅનના વ્યવસ્થાપકને લખવું.

છેલ્લે ટુંકામાં હું કહું છું કે યુરોપમાં આવી બેંકો ૬૦ થી વધારે વરસો થયાં હયાતીમાં છે. તે "લોકોની બેંકો" એ નામે પ્રખ્યાત છે. જો સહકારી ધોરણે અને સારી વ્યવસ્થાથી ચલાવવામાં આવે તો એને કોઇ દીવસ કંઈ ધોકો નહીં લાગે આ બાબતમાં

એ વિષયના નામાંકીત અધ્યાપકો ઉંચો મત ધરાવે છે તે ખાત્રી કરવાને બસ છે. તેમાંના એકના મતનો ટુંક સાર તેના પોતાના શબ્દોમાં નીચે પ્રમાણે છે:—

Agricultural banks must have the power of commanding money, of course, but not the actual possession, until the cash is wanted.

The German and Italian "Agricultural Banks" know of no losses.

One very marked effect of the practice of these banks may be traced in the complete extinction within their districts of that usury which used to lie like deadening blight upon the country.

There is a good prospect of the co-operative banking movement gaining a foothold in India—Henry W. Wolff.

સને ૧૯૦૮ ના ડીસેમ્બરમાં મુંબઇ ખાતે ભરાયલી "સહકારી પરિષદ" સન્મુખ આપણા લોકપ્રિય ગવર્નરનું અસરકારક ભાષણ અભ્યાસ કરવા લાયક છે. તેમાંનો નાનો ફકરો મનન કરવા યોગ્ય તેમના પોતાના શબ્દોમાં હું અત્રે ટાંકી જણાવું છું.

"I earnestly appeal for help from all true patriots, all who wish to raise the lives and promote the well--being of their fellow-citizens-all who prefer beneficient action to idle or mis chievous talk. Practical work for the good of others is the secret of the only true happiness; and those who will give their time and thoughts to a movement directed to the welfare of the patient cultivators of the Presidency will reap an abundant and a lasting reward."

આ ઉપરથી ખુલ્લી રીતે જોશો કે હાલની આપણી કંગાળ સ્થિતિ સુધારવી આપણા હાથમાં છે. લોકોએ પોતાની ફરજ બજાવવી જોઇએ. સહકારીપણું ફેલાવવાને બનતી કોશીશ કરવી એ મારી નમ્ર વિનંતિ છે અને તેમાં ભણેલાઓને ખાસ આગ્રહથી કહેવું છે કે તેઓએ અભણ ગરીબ બંધુઓને આ ઉમદા કામમાં બનતી મદદ કરી રસ્તો બતાવવો. આ મારી આશા સત્વર ફળો એમ હું ઇચ્છું છું.

ACT No X. OF 1904.

સન ૧૯૦૪ નો આકટ નં. ૧૦

આંટ વધારનારી સહકારી મંડળીઓ બાબતના આકટની મુખ્ય કલમો.

નાના ખેડુતો અને કારીગરોની જાણ સારૂ.

રચના.

૩. (૧) કોઇપણ મંડળીમાં અઢાર વર્ષ ઉપરની ઉમરના દશ અથવા વધારે શખસો હોવા જોઇયે, અને તેઓ—

(અ) એકજ કસ્બામાં અથવા ગામમાં અથવા ગામોના એકજ સમુદાયમાં રહેનારા હોવા જોઇયે, અથવા

(બ) રજીસ્ટ્રારની મંજુરીને પાત્ર, એકજ જાતના વર્ગના અથવા ન્યાતના હોવા જોઇએ.

(૨) મંડળીઓના ગામડાની મંડળી અથવા કસ્બાની મંડળી એવા બે વર્ગ કરવા. ગામડાની મંડળીમાં ઓછામાં ઓછા ⅘ સભાસદો ખેડુતો હોવા જોઇયે. અને કસ્બાની મંડળીમાં ઓછામાં ઓછા ⅘ સભાસદો ખેડુતો ન હોય એવા શખસો હોવા જોઇયે.

(૩) આ આકટનાં કારણુ સારૂ અમુક શખસ ખેડુત છે કે નહિ અથવા બે અથવા વધારે ગામો મળીને એક સ-મુદાય થાય છે એમ ગણવું કે નહીં અથવા અમુક શખસ અમુક જાતનો, વર્ગનો અથવા ન્યાતનો છે કે નહિ એ બાબત તકરાર ઉઠે, ત્યારે તેનો રજીસ્ટ્રારે નિકાલ કરવો જોઇયે અને તેનો નીકાલ આખરનો છે એમ સમજવું.

૪. નીચેના શખસો મંડળીના સભાસદો થઇ શકશે, એટલેઃ—

(અ) જે શખસો કલમ ૬. પેટા કલમ (૧) માં જણાવેલી અરજીમાં સામેલ થયા હોય અને જેમને તેજ કલમની પેટા કલમ (૨) ની રૂયે મંડળી તરીકે નોંધ્યા હોય તે શખસો;

(બ) જે શખસો કલમ ૩ માં જણાવેલી લાયકીવાળા હોય, અને જેમને મંડળીએ આ આકટના તથા તે મંડળીના પેટા કાયદાના ઠરાવો પ્રમાણે દાખલ કર્યા હોય તે શખસો;

પણુ એવું ઠરાવ્યું છે કે એવી રીતે દાખલ કરેલો શખસ, આ આકટની રૂયે કરેલી કાનુનોમાં અથવા તે મંડળીના પેટા કાયદામાં ઠરાવવામાં આવે એટલા પૈસા પોતે સભાસદ થયો તેના સંબંધમાં મંડળીને આપે નહિ તે શિવાય અથવા સદરહુ પ્રમાણે

ઠરાવવામાં આવે એવો હિતસંબંધ તે મંડળીમાં પોતે સંપાદન કરે તે શિવાય અથવા ત્યાંસુધી સભાસદના હક ચલાવી શકશે નહિ.

વ્યવસ્થા.

૭. [૧] મંડળીનો દરેક સભાસદ તે મંડળીના કરજ બાબત નિચે પ્રમાણે જવાબદાર રહેશે:—

[અ] ગામડાની મંડળીના સંબંધમાં, એવી જવાબદારી સ્થાનિક સરકારની વિશેષ મંજુરી શિવાય, અનિયમિત છે એમ સમજવું.

[બ] કસ્બાની મંડળીના સંબંધમાં, એવી જવાબદારી, પેટા કાયદામાં અથવા આ આકટની રૂએ કરેલી કોઈપણ કાનુનોમાં ઠરાવ્યું હોય તે પ્રમાણે અનિયમિત અથવા નિયમિત રહેશે એમ સમજવું.

૮. [૧] ગામડાની મંડળીના કોઇપણ સભાસદને થયેલા નફામાંથી કોઇપણ ડિવીડન્ડ અથવા બીજો ફાળો આપવો નહિ, પણ એવી મંડળીએ કરેલો સઘળો નફો એક ફંડ ખાતે જમા કરવો અને તે ફંડને રીઝર્વ ફંડ કહેવું:

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે એવા રીઝર્વ ફંડ તથા તે મંડળીના એકંદર કરજ વચેની સરાસરી પેટા કાયદામાં અથવા

આ આકટની રૂયે કરેલી કાનુનોમાં ઠરાવેલી હદ જેટલી થઇ હોય અને જ્યારે સભાસદોને ધીરવાના નાણાંનું વ્યાજ ઉપર પ્રમાણે ઠરાવેલી હદ સુધી ઘટાડવામાં આવ્યું હોય, ત્યારે તે મંડળીના એકંદર વાર્ષીક નફાના $\frac{3}{4}$ ભાગ કરતાં વધારે ન હોય એટલો તેનો જુદો નફો સભાસદોમાં "બોનસ" (વ્યાજ ઉપરાંત નફામાંથી ભાગીદારોને આપવાના પૈસા) તરીકે વેહેંચી આપવાનો અધિકાર છે.

[૨] કસ્બાની મંડળીના સભાસદોને અથવા તેમાંના કોઇને પણ નફામાંથી કાંઇપણ ડિવીડંડ અથવા ફાળો આપવામાં આવે તે પહેલાં, દર વર્ષે એવા નફાનો ઓછામાં ઓછો ચોથો ભાગ એક ફંડ ઉઘાડીને તેમાં જમે કરવો, અને તે ફંડને રીઝર્વ ફંડ કહેવું.

૯. કોઇપણ મંડળીને પોતાના સભાસદો પાસેથી અનામત રકમો ગમે તેટલી હદ સુધી લેવાનો અધિકાર છે, પણ તેણે સભાસદો ન હોય એવા કોઇ શખસો પાસેથી પૈસા કરજે લેવા તે, પોતાના પેટા કાયદામાં અથવા આ આકટની રૂયે કરેલી કાનુનોમાં જેટલી હદ ઠરાવી હોય તેટલી હદ સુધીજ અને જે શરતો ઠરાવી હોય તે શરતોને અનુસરીનેજ લેવાનો અધિકાર છે.

૧૦. (૧) કોઇપણ મંડળીએ સભાસદ શિવાય બીજા કોઇપણ શખ્સને નાણું કરજે આપવું નહીં:

પણ એવું ઠરાવ્યું છે કે કોઇપણ મંડળી, રજિસ્ટ્રારની સંમત્તિથી, ગામડાની મંડળીને નાણું ધીરવાને મુખત્યાર છે.

[૨] ગામડાની મંડળીએ, રજિસ્ટ્રારની પરવાનગી વગર,

જંગમ મિલકત તારણ રાખીને નાણું ધીરવું નહિ. એવી મંજુરી દરેક મંડળીની બાબતમાં સામાન્ય હુકમથી આપવી જોઇએ.

[૩] સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને. કોઇપણ મંડળીને અથવા કોઇપણ વર્ગની મંડળીને સ્થાવર મિલકત અથવા તેવી જાતની કોઇપણ મિલકત ગીરો રાખીને નાણું ધીરવાની મના કરવાને અથવા તે ઉપર નિર્બંધ નાખવાને મુખત્યાર છે.

૧૧. કોઇપણ મંડળી, પોતાનું ફંડ સરકારી સેવીંગ બેંકમા અથવા આ અર્થે રજિસ્ટ્રારે પસંદ કરેલા કોઇપણ પેઢીવાળાને ત્યાંહાં અથવા પેઢીવાળા તરીકે કામ કરનારા શખસને ત્યાંહાં મુકવાને મુખત્યાર છે.

સભાસદોના શેર તથા હિતસંબંધ.

૧૨. જ્યારે એકાદી મંડળીના સભાસદોની જવાબદારી શેર કહાડીને નિયમિત કરી હોય ત્યારે તેના સભાસદે, તે મંડળીના મુડીનો જે હિસ્સો આ આકટની રૂએ કરેલી કોઇ પણ કાનુનોમાં ઠરાવવામાં આવે તે કરતાં વધારે ધારણ કરવો નહિ; અને એવો હિસ્સો ⅕ કરતાં વધારે હોવો જોઇએ નહિ:

પણ એવું ઠરાવ્યું છે કે એવી મંડળીના કોઇ પણ સભાસદે નામની ૧,૦૦૦ રૂપિયા કરતાં વધારે કિંમતના શેરો ધારણ કરવા નહિ.

૧૩. [૧] જ્યારે એકાદી મંડળીના સભાસદોની જવાબદારી શેરો

કહાડીને નિયમિત કરી નહિ હશે, ત્યારે તેના દરેક સભાસદને એવા સભાસદ તરીકે તે મંડળીના કામકાજમાં માત્ર એકજ મત આપવાનો અધિકાર છે. પછી એવા સભાસદનો તે મંડળીની મુડીમાં ગમે તેટલો હિતસંબંધ હોય તેની હરકત નહીં.

[૨] જ્યારે એકાદી મંડળીના સભાસદોની જવાબદારી શેરો કહાડીને નિયમિત કરી હશે, ત્યારે તેના દરેક સભાસદને તે મંડળીના પેટા કાયદામાં જેટલા મત આપવાનું ઠરાવ્યું હોય તેટલા મત આપવાનો અધિકાર છે.

૧૪ [૧] કોઇ સભાસદ મંડળીની મુડીમાં જે શેર અથવા હિતસંબંધ ધારણ કરતો હોય તે શેર અથવા હિતસંબંધ અથવા તેમાંનો કાંઇ પણ ભાગ તેણે ઓછામાં ઓછા એક વર્ષ સુધી ધારણ કર્યો ન હોય તો તેણે બીજાને નામે કરી આપવો નહિ.

[૨] એકાદા સભાસદનો મંડળીની મુડીમાં જે શેર અથવા હિતસંબંધ હોય તે, મંડળી શિવાય અથવા મંડળીના સભાસદ શિવાય બીજા કોઇપણ શખસને નામે કરી આપવો નહિ અથવા માંડી આપવો નહિ, અને તે પણ વત્તામાં વત્તા શેર અથવા હિત સંબંધ ધારણ કરવાના સંબંધમાં જે શરતો આ આકટમાં અથવા પેટા કાયદાઓમાં અથવા આ આકટની રૂએ કરેલી કોઇ પણ કાનુનોમાં ઠરાવી હોય તેમને અનુસરીને નામે કરી આપવો અથવા માંડી આપવો.

૧૫. ૨૦ મી કલમના ઠરાવોને પાત્ર એકાદા સભાસદનો

મંડળીની મુડીમાં જે શેર અથવા હિતસંબંધ હોય તે એવા સભાસદે જે કાંઇપણ કરજ કર્યું હોય અથવા જવાબદારી હોશે લીધી હોય તેના સંબંધમાં ન્યાયની કોર્ટે કરેલા કોઇ પણ હુકમનામાની અથવા હુકમની રૂયે જપ્ત કરી શકાશે નહિ અથવા વેચી શકાશે નહિ, અને ઓફિશિયલ અસાઇનીનો તેમજ દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૨૦ મા બાબની રૂયે નિમાયલા વસુલદારનો એવા શેર અથવા હિતસંબંધ ઉપર કાંઇપણ હક પોહોંચશે નહિ અથવા તેનાથી તે ઉપર દાવો કરી શકાશે નહિ.

૧૬. કોઇ સભાસદનું મરણ થાય એટલે મંડળી એવા સભાસદના શેર અથવા હિતસંબંધની કિંમત જેટલી રકમ તથા પોતાની પાસે તેનાં જે નાણાં લેહેણાં હોય તે સઘળાં નાણાં આ અર્થે કાનુનો પ્રમાણે નિમાયલા શખસને આપવાને અથવા તેને ખાતે જમે કરવાને, અથવા એવી રીતે નિમાયલો શખસ ન હોય તો, તે લેવાનો કમિટીના અભિપ્રાય પ્રમાણે જે શખસને મરનારાના વારસ અથવા વારસ વકીલ તરીકે હક હોય તે શખસને આપવાને અથવા તેને ખાતે જમે કરવાને મુખત્યાર છે, અને એવી રકમ તથા નાણાં આપેથી તે મંડળી એવા શેર અથવા હિતસંબંધને લગતી અથવા બીજાં નાણાંને લગતી સઘળી જાતની જવાબદારીમાંથી છુટી જશે એમ સમજવું. સદરહુ રકમ ગણવી તે, ઉપર કહેલી કાનુનોને અથવા પેટા કાયદાને અનુસરીને ગણવી.

૧૭ એકાદો માજી સભાસદ જે તારીખથી મંડળીનો સભાસદ

બંધ થયો હોય તે તારીખે મંડળીનું જે કરજ હોય તે કરજ બદલની તેની જવાબદારી પોતે એવી રીતે જે તારીખથી સભાસદ તરીકે બંધ થયો હોય તે તારીખથી એક વર્ષ સુધી ચાલશે.

૧૮ એકાદ મૈયત સભાસદ જે તારીખે મરણ પામ્યો હોય તે તારીખે મંડળીનું જે કરજ હશે તે કરજ બદલ તેની ઇસ્ટેટ તેના મરણની તારીખથી એક વર્ષ સુધી જવાબદાર રહેશે,

મંડળીનું સભાસદ પાસે લહેણું હોય તે બાબત તેનો પહેલો હક છે.

૧૯. જમીન મહેસુલના સંબંધમાં અથવા જમીન મહેસુલ તરીકે વસુલ કરવા લાયક કોઇપણ નાણાના સંબંધમાં સરકારનો, અથવા ગણોત અથવા ગણોત તરીકે વસુલ કરવા લાયક કોઇપણ નાણાના સંબંધમાં જમીનના ધણીનો જે કાંઇ પણ પહેલો હક હોય તેને પાત્ર, મંડળીને—

[અ] પોતે પોતાના સભાસદને જે તારીખે બી અથવા ખાત ધીર્યું હોય અથવા બી અથવા ખાતર સારૂ પૈસા ધી. હોય તે તારીખથી એક વર્ષની અંદર કોઇપણ વખતે, એવા બી અથવા ખાતરનો અથવા એવાં બી અથવા ખાતર ખરીદવા સારૂ ધીરેલા પૈસાનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેટલા સંબંધી પોતાનો હક એવા સભાસદના અથવા માજી સભાસદના પાક ઉપર અથવા ખેતીવાડીને લગતા બીજાં ઉત્પન્ન ઉપર,

[બ] પોતે જે ઢોર, ખેતીવાડીના અથવા ધંધાના ઓજાર, અથવા પદાર્થો તયાર કરવા સારૂ કાચા પદાર્થ ધીર્યાં હોય અથવા પોતે ધીરેલા પૈસામાંથી જે સર્વાંશે અથવા થોડા અંશે ખરીદ કર્યા હોય તે ધીરેલા ઢોર વિગેરે બાબત અથવા પૈસા બાબત જે બાકી હોય તેના સંબંધમાં પોતાનો હક એવાં ઢોર ઉપર, ઓજાર ઉપર અથવા કાચા માલ ઉપર, બીજા લેહણદારો કરતાં અગાઉ બજાવવાનો અધિકાર છે.

૨૦. જે કોઇ પણ સભાસદ અથવા માજીસભાસદ પાસે મંડળીનું કોઇપણ લહેણું હોય તે સભાસદના શેર ઉપર અથવા મુંડીમાંના હિત સંબંધ ઉપર તથા અનામત મુકેલી રકમ ઉપર, તથા તેને આપવાના કોઇપણ ડિવિડેન્ડ ઉપર, બોનસ ઉપર અથવા નફા ઉપર તે મંડળીનો બોજો રહેશે, અને તે મંડળી, એવા સભાસદને અથવા માજીસભાસદને નામે જમે કરેલી અથવા તેને આપવાની કોઇપણ રકમ, એવું કોઇપણ લહેણું વસુલ કરવા સારૂ અથવા વસુલ કરવામાં મજરે લેવાને મુખત્યાર છે.

કાલબાદેવી પ્રીન્ટીંગ પ્રેસ. કાલબાદેવી રોડ નં. ૧૯૮ માં નાનચંદ માણેકચંદ
મહેતાએ માલિકને માટે છાપી.